## સંક્ષિપ્ત સમાચાર

### ગણેશોત્સવઃ સેના-મનસે વચ્ચે પોસ્ટરવૉર

*મુંબઈ:* ગણેશોત્સવના વિવાદ પર મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)એ શિવસેના પર હુમલો કર્યો છે. મનસેએ શિવસેના ભવન બહાર પોસ્ટર લગાડ્યું હતું. પોસ્ટરમાં 'અયોધ્યા જઇને શ્રીરામ મંદિર જરૂર બનાવો. પણ તે પહેલા મુંબઈમાં સાર્વજનિક ગણેશોત્સવ મંડપ બાંધો', એમ લખવામાં આવ્યું છે. ગણેશોત્સવ દરમિયાન રસ્તા પર મંડપ બાંધવા પર મુંબઈ હાઇ કોર્ટે પ્રતિબંધ મૂકેલો છે, તેથી અનેક સાર્વજનિક ગણેશોત્સવ મંડળમાં નારાજગીનું વાતાવરણ છે. મુંબઈ મહાનગરપાલિકામાં સત્તા પર હોવા છતાં શિવસેના આ અંગે ચૂપ રહી હોવાનો આરોપ મનસેએ કર્યો છે. શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે આ જ મહિનામાં અયોધ્યા જવાના હોવાની ચર્ચા છે.

### કારની તોડફોડ કરનાર ત્રિપુટીની અટક

*થાણે:* થાણેના વાગળે એસ્ટેટ વિસ્તારમાં રહેતી પ્રેમિકાને કારમાં છોડવા માટે આવેલા યુવકની ગાડીને બાઇક પર આવેલી ત્રિપુટીએ રોકીને ધક્કામુક્કી કરી તલવારથી ગાડીના કાચ ફોડ્યા હોવાની ઘટના બની હતી. આ અંગેની ફરિયાદ અમર ઘરત નામના યુવક દ્વારા વાગળે એસ્ટેટ પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવી હતી. આ કેસમાં પોલીસે ત્રણેય બાઇકસવારની અટક કરી હતી. આરોપીની ઓળખ અંકુશ ભદર્ગે, રાજેશ ગોલબિંડે અને નિરંજન પરબ તરીકે થઇ છે. આ ત્રણેય મિત્રના જન્મદિવસનો કેક કાપવા માટે તલવાર લઇને જઇ રહ્યા હતા. દરમિયાન અમર પ્રેમિકાને તેના ઘરે છોડીને અંબિકા નગરમાં આવેલા પોતાના ઘર તરફ જઇ રહ્યો હતો. ફરિયાદ દાખલ થતા જ વાગળે ઇસ્ટેટ પોલીસે ત્રણેયની અટક કરી હતી.

### સપ્ટે. સુધીમાં મુમ્બ્રા બાયપાસનું કામ પૂરું થશે

*મુંબઇ:* મુમ્બ્રા બાયપાસ બંધ કર્યા પછી પ્રવાસીઓની નિરંતર વધેલી સમસ્યા બાદ પ્રશાસનને વહેલા તે પહેલાના ધોરણે કામ પૂરું કરવા માટે કમર કસી છે ત્યારે બાયપાસના રસ્તાનું કામ દસમી સપ્ટેંબર સુધી પૂરું થઇ જશે એવી ખાતરી જાહેર બાંધકામ વિભાગે આપી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. બાયપાસના રસ્તાનું કામ પૂરું ન થાય ત્યાં સુધીમાં પ્રશાસન દ્વારા ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ માટે હાલ પૂરતા વધારે ટ્રાફિક પોલીસને તહેનાત કરવા, રસ્તા પરના ખાડા પૂરવા તથા હાલની સમસ્યા દૂર કરવા માટે તાકીદના પગલાં ભરવામાં આવશે. હાલમાં વાહનચાલકોને થાણેથી મુંબઈ, નવી મુંબઈ, ભિવંડી અને કલ્યાણ સુધી અવરજવર કરવામાં ટ્રાફિકની મુશ્કેલી પડે છે.

### યુનિ.ને ડૉ. હોમી ભાભાનું નામ અપાશે

*મુંબઈ:* દક્ષિણ મુંબઇની કૉલેજોનો સમાવેશ કરતી પહેલા કલસ્ટર યુનિવર્સિટીનું નામ ડૉ. હોમી ભાભા યુનિવર્સિટી નામ અપાશે, આ બાબતે આગામી અમુક મહિનામાં કેન્દ્ર તરફથી જાહેરનામું આવી શકે છે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ બાકાત કરતાં રાજ્યની સૌપ્રથમ કલસ્ટર યુનિવર્સિટીમાં સિડેનહામ, એલ્ફિન્સ્ટન અને બી.એડ. (બૅચલર ઑફ એજ્યુકેશન)ની સરકારી કૉલેજનો સમાવેશ થશે તે ઉપરાંત ભવિષ્યમાં સો એક કૉલેજ જોડાઇ શકે છે. અત્યારે મુંબઇ યુનિવર્સિટીથી જોડાયેલી કૉલેજો આ નવી યુનિવર્સિટીથી જોડાઇ શકે છે, એમ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સના ડાયરેક્ટર વસંત હેલવીએ જણાવ્યું હતું.

### કલિનાના કેમ્પસમાં વિદ્યાર્થિનીની છેડતી

*મુંબઈ:* કલિના કેમ્પસના શૌચાલયમાં મુંબઈ યુનિવર્સિટીની એક વિદ્યાર્થિનીની અજાણી વ્યક્તિએ છેડતી કરી હતી. આ ઘટના ગયા અઠવાડિયે બની હતી. આ અંગે વિદ્યાર્થિનીએ યુનિવર્સિટીને લેખિતમાં ફરિયાદ કરી હતી. આ અંગે હજુ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી નથી. યુનિવર્સિટીના રજિસ્ટ્રાર દિનેશ કાંબળેના જણાવ્યા અનુસાર વિદ્યાર્થિની કંઇ પ્રતિક્રિયા આપે તે પહેલા જ આરોપી તેને ધક્કો આપીને ત્યાંથી ભાગી છૂટ્યો હતો. ઘટનાસ્થળની નજીક સીસીટીવી કૅમેરા ન હોવાથી આરોપીને ઓળખવામાં સમસ્યા થઇ રહી છે. આ મામલે તપાસ શરૂ કરી દેવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

### 30 લાખના હેરોઈન સાથે શખસ પકડાયો

*મુંબઈ:* અંદાજે ૩૦ લાખના નશીલા પદાર્થ હેરોઈનની ડિલિવરી કરવા અંધેરી પહોંચેલા શખસને પોલીસે પકડી પાડ્યો હતો. અંબોલી પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ રાકેશ ગોવર્ધનલાલ હિલોરિયા ઉર્ફે ધોબી તરીકે થઈ હતી. કોર્ટે તેને પોલીસ કસ્ટડી ફટકારી હોઈ પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે. શંકાસ્પદ જણાયેલા હિલોરિયાને તાબામાં લઈ અંગઝડતી લેવામાં આવી હતી. તેની પાસેથી ૧.૦૫ કિલો હેરોઈન મળી આવ્યું હતું, જેની કિંમત ૩૦ લાખ રૂપિયા હોવાનું પોલીસનું કહેવું છે.

### થાણેમાં પત્નીની હત્યાના કેસમાં પતિને આજીવન કેદ

*થાણે:* થાણેની કોર્ટે ૩૧ વર્ષીય રિયલ એસ્ટેટ એજન્ટને ૨૦૧૫માં પત્નીની હત્યાના ગુનામાં આજીવન કેદની સજા સંભળાવી હતી. ન્યાયાધીશ પી. પી. જાધવે આરોપી મુકેશ ભંડારીને રૂ. ૬૦,૦૦૦નો દંડ પણ ફટકાર્યો હતો. સરકારી વકીલે કોર્ટમાં માહિતી આપતા જણાવ્યું હતું કે ૨૬ વર્ષીય પીડિતા તેની માતા અને બહેન સાથે કલ્યાણમાં રહેતી હતી. ૨૦૧૫માં ભંડારીએ તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. બાદમાં તેની વિરુદ્ધ બળાત્કારનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસમાં કોર્ટે આરોપીને જામીન આપ્યા બાદ તેણે ૨૦૧૫ના એપ્રિલ મહિનામાં પીડિતા સાથે લગ્ન કર્યા હતા. લગ્નના થોડા મહિના બાદ ભાંડારીએ પત્નીની હત્યા કરી તેના મૃતદેહને ઝાડીઓમાં ફેંકી દીધો હતો.

### ટ્રેનના દરવાજા પર અશ્લીલ ચાળા

*મુંબઈ:* સોશિયલ મીડિયા પર લોકલ ટ્રેનમાં દરવાજા પર ઊભા રહીને અશ્લીલ ચાળા કરી રહેલાં પુરુષોનો વીડિયો અંગે રેલવે પ્રવાસીઓ રોષ વ્યક્ત કરી રહ્યા છે અને આ બંને પ્રવાસી સામે કાર્યવાહી કરવાની માગણી કરવામાં આવી રહી છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલો આ વીડિયો ક્યારે અને કોણે શૂટ કર્યો છે તેની કોઈ માહિતી હજી મળી નથી, પણ વીડિયોમાં સંભળાઈ રહેલા એનાઉન્સમેન્ટના અવાજ પરથી આ વિડિયો મધ્ય રેલવેના ભાયખલા સ્ટેશનનો હોવાનું સ્પષ્ટ થયું હતું. ■

## મેટ્રોના ખર્ચનો વિવાદઃ સરકાર-કૅગની દરમિયાનગીરીની એમએમઆરડીએની માગણી

*મુંબઈ:* ઘાટકોપર-વર્સોવા મેટ્રો વન માટે થયેલા ખર્ચ અંગેનો વિવાદ હજુ ઉકેલાયો નથી. આ અંગેના દસ્તાવેજ આપવાની એમએમઆરડીએની માગણી મેટ્રો કંપનીએ નકારી હતી, તેથી હવે કૅગ (કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઑફ ઇન્ડિયા) અને રાજ્ય સરકારે જ આ અંગે ધ્યાન આપવું જોઇએ, એવી વિનંતી એમએમઆરડીએ દ્વારા કરવામાં આવશે.

મેટ્રો વનના ખર્ચ મુદ્દે છેલ્લાં અમુક વર્ષથી મેટ્રો કંપની અને એમએમઆરડીએ વચ્ચે વિવાદ છે. મેટ્રો વનના બાંધકામનો કોન્ટ્રાકટ એમએમઆરડીએએ રિલાયન્સ ઇન્ફ્રાની મુંબઈ મેટ્રો વન પ્રાઇવેટ લિમિટેડ કંપીનીને આપ્યો હતો. બાંધકામ માટે ચાર હજાર કરોડ કરતા વધુ ખર્ચ થયો હોવાનો કંપનીનો દાવો છે. જોકે, એમએમઆરડીએનો બેથી અઢી કરોડનો ખર્ચ આવ્યો હોવાનું કહેવું છે.

ખર્ચની તપાસ કરવા માટે દસ્તાવેજ આપવાની માગણી એમએમઆરડીએએ મેટ્રો કંપનીને કરી હતી. જોકે, કંપનીએ દસ્તાવેજ આપ્યા ન હોવાનું એમએમઆરડીએનું કહેવું છે. કંપનીએ કોઇપણ જાતના દસ્તાવેજ ન સોંપતા હવે રાજ્ય સરકાર અને કૅગ આ મુદ્દે ધ્યાન આપે એવી વિનંતી એમએમઆરડીએ દ્વારા કરવામાં આવશે. સાથે જ ટિકિટના દર વધારા મુદ્દે પણ વિવાદ છે. ટિકિટ દર વધારાનો મુદ્દો તો કોર્ટ સુધી પહોંચી ગયો છે. કંપનીનું કહેવું છે કે ટિકિટના વેચાણ સિવાય મેટ્રો પાસે અન્ય કોઇ આવકના સાધન નથી, તેથી ટિકિટના દરમાં વધારો કરવા સિવાય અન્ય કોઇ વિકલ્પ નથી. બીજી બાજુ એમએમઆરડીએએ ટિકિટના દરમાં વધારાનો વિરોધ કરતા જણાવ્યું છે કે મેટ્રો સ્ટેશન પર ભાડાં પર આપવામાં આવેલી દુકાનો દ્વારા કંપનીને વધારાની આવક થઇ રહી છે.■

## મેટ્રોના કામ માટે વેસ્ટર્ન ઍક્સપ્રેસ હાઈવેની પહોળાઇ વધારવામાં આવશે

*મુંબઈ:* વેસ્ટર્ન સબર્બમાં મેટ્રો કોરિડોરના બાંધકામ માટે બેરિકેડિંગ દરમિયાન વાહનોની અવરજવર સરળતાથી થઇ શકે તે માટે એમએમઆરડીએએ નેશનલ પાર્ક નજીક વેસ્ટર્ન ઍક્સપ્રેસ હાઇવે અને લિન્ક રોડના દહિસર ખાતે રસ્તાના અમુક ભાગની પહોળાઇ વધારવાનો નિર્ણય લીધો છે.

હાલમાં લિન્ક રોડ અને વેસ્ટર્ન ઍક્સપ્રેસ હાઇવે પર દહિસ -ડી. એન. નગર મેટ્રો-ટુએ અને દહિસર (પૂર્વ)- અંધેરી (પૂર્વ) મેટ્રો-૭ કોરિડોરનું કામ શરૂ છે. વર્ષ ૨૦૧૬થી આ બંને કોરિડોરનું કામ ચાલું થઇ ગયું છે. જોકે, હજુ અમુક જગ્યાએ સિવિલ વર્કનું કામ ચાલુ થવાનું બાકી છે.

રસ્તાની પહોંળાઇ વધારવા અંગેની માહિતી આપતું એક નોટિફિકેશન પણ એમએમઆરડીએએ બહાર પાડ્યું છે. વેસ્ટર્ન ઍક્સપ્રેસ હાઇવે પર સર્વિસ રોડની પહોળાઇ ૨૦૦ ફૂટથી વધારીને ૨૩૦ ફૂટ અને દહિસર લિન્ક રોડની પહોળાઇ ૧૨૦ ફૂટથી વધારીને ૧૪૦ ફૂટ કરવામાં આવશે. દરમિયાન પહોળાઇ વધારવામાં અડચણરૂપ બનતા સ્ટ્રકચરને વળતર આપવામાં આવશે.

હાલમાં મેટ્રો-ટુએ અને મેટ્રો-૭નું ૬૦ ટકા સિવિલ વર્ક પૂર્ણ થઇ ચૂક્યું છે. વર્ષ ૨૦૧૯ના મધ્ય સુધીમાં તે પૂર્ણ થવાની આશા છે તેમ જ વર્ષ ૨૦૨૦ સુધીમાં બંને મેટ્રો કાર્યરત થવાની શકયતા છે. ■

## મેટ્રોના આગામી બાવન સ્ટેશન સૌરઊર્જા પર અવલંબિત રહેશે

*મુંબઈ:* મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઑથોરિટી (એમએમઆરડીએ)એ આગામી મેટ્રો કોરિડોરના સ્ટેશનોને પર્યાવરણનું ધ્યાન રાખીને વિકસાવવાનો નિર્ણય લીધો છે. આ યોજના અંતર્ગત મેટ્રોના બાવન સ્ટેશન, કાર ડેપો અને કન્ટ્રોલરૂમનું સૌરીકરણ (સોલરાઇઝેશન) કરવામાં આવશે.

એમએમઆરડીએ દ્વારા દહિસરથી ડી. એન. નગર મેટ્રો ટૂએ, ડી. એન. નગરથી મંડાલે મેટ્રો-ટૂબી અને અંધેરી (પૂર્વ)થી દહિસર (પૂર્વ) મેટ્રો-૭ના કુલ ૫૨ એલિવેટેડ સ્ટેશન ઇન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ (આઇજીબીસી)ના ગ્રીન એમ.આર.ટી.એસ રેટિંગ અનુસાર વિકસિત કરવામાં આવશે. આ યોજના અંતગર્ત તમામ મેટ્રો સ્ટેશન પર ૧૦૦ ટકા એલ.ઈ.ડી વીજનો વપરાશ થશે. ઊર્જા કાર્યક્ષમ ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવશે. નૈસર્ગિક ઊર્જાનો વધુમાં વધુ વપરાશ કરવામાં આવશે. એલિવેટર્સ અને એસ્કેલેટર માટે વી.વી.વી.એફ. ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. કન્ટ્રોલ સેન્ટર અને કાર ડેપો તેમ જ તમામ એલિવેટેડ સ્ટેશનમાં સૌરઊર્જાનો વપરાશ કરવામાં આવશે. ■



## મહિલા સબ-ઈન્સ્પેક્ટરે ફિનાઇલ પીને કર્યો આત્મહત્યાનો પ્રયાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*થાણે:* ગુનાની તપાસ પરથી સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર સાથે વિવાદ થયા બાદ મહિલા પોલીસ સબ-ઇન્સ્પેક્ટરે ફિનાઇલ પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. સબ-ઇન્સ્પેક્ટરને સારવાર માટે ત્વરીત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હોઇ તેની તબિયત સ્થિર છે. આ ઘટના અંગે તપાસનો આદેશ આપવામાં આવ્યો હોઇ તપાસ પૂરી થાય ત્યાં સુધી સિનિયર ઇન્સ્પેક્ટરની બદલી થાણે કન્ટ્રોલ રૂમ ખાતે કરવામાં આવી છે.

કાપુરબાવડી પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ-ઇન્સ્પેક્ટર તરીકે કાર્યરત શારદા અંકુશ દેશમુખનો ગુનાની તપાસ પરથી સિનિયર ઇન્સ્પેક્ટર વિજય દરેકર સાથે વિવાદ થયો હતો. આથી હતાશ થયેલી શારદા દેશમુખે શુક્રવારે પોતાના ઘરમાં ફિનાઇલ ગટગટાવ્યું હતું. શારદાને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. દરમિયાન થાણેના પોલીસ કમિશનર વિવેક ફણસાલકરે ઝોન-૫ના ડીસીપી મારફત આ ઘટના અંગે તપાસનો આદેશ આપ્યો હતો. બીજી તરફ તપાસ પૂરી થાય ત્યાં સુધી સિનિયર ઇન્સ્પેક્ટર દરેકરની બદલી થાણે કન્ટ્રોલ રૂમમાં કરવામાં આવી છે. કાપુરબાવડી પોલીસ દ્વારા આ પ્રકરણે તપાસ કરાઇ રહી હોવાનું સૂત્રોએ કહ્યું હતું. ■



**દુર્ઘટના ટળી...** ડી. એન. નગરમાં દહિસર-ડી. એન. નગર મેટ્રો- ટૂની કન્સ્ટ્રકશન સાઇટ પર લોખંડના સળિયાનો પીલર નીચે નમી ગયો હતો. જોકે, બેરિકેડિંગ કરવામાં આવ્યું હોવાથી કોઇ દુર્ઘટના સર્જાઇ નહોતી. (જયપ્રકાશ કેળકર)

## કાયદેસર નોંધણી વિના જ કારમાં ફરનારા ભાજપના નગરસેવક સહિત બે વિરુદ્ધ ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

*થાણે:* કાયદેસર નોંધણી કર્યા વિના જ ભળતી નંબર પ્લૅટ સાથે ઈનોવા કારમાં ફરનારા ભાજપના નગરસેવક વિલાસ કાંબળે સહિત બે જણ વિરુદ્ધ થાણે પોલીસે ગુનો નોંધ્યો હતો.

એક સામાજિક કાર્યકરની ફરિયાદને આધારે શ્રીનગર પોલીસે ગુરુવારે રાતે કાંબળે અને એકનાથ શેળકે વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. આ મામલે તપાસ ચાલી રહી હોવાથી તાત્કાલિક કોઈની ધરપકડ કરાઈ ન હોવાનું પોલીસનું કહેવું છે.

ફરિયાદમાં જણાવાયું હતું કે કલ્યાણના શીલ રોડ ખાતે રહેતા શેળકે પાસેથી ૨૦૧૩માં કાંબળેએ કાર ખરીદી હતી. સંબંધિત કારની આરટીઓમાં નોંધણી કરવી ફરજિયાત હોવા છતાં નગરસેવક દ્વારા નોંધણી કરાઈ નહોતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો કે આ રીતે જ કાર પર ભળતી જ નંબર પ્લૅટ લગાવીને ખાસ્સાં પાંચ વર્ષ કાર ચલાવવામાં આવી હતી. આ મામલે ડેપ્યુટી પોલીસ કમિશનર અવિનાશ અંબુરેને ફરિયાદ કરવામાં આવી હતી.

જોકે આ અંગે ભાજપના નગરસેવક કાંબળેએ ખુલાસો કર્યો હતો કે સંબંધિત કાર મારી નહીં, પણ શેળકેની માલિકીની છે. એ કારનો મેં માત્ર ઉપયોગ કર્યો હોઈ આ બાબતે હું પોલીસને સહકાર આપવા તૈયાર છું. ■

## બપોરના સમયે ફર્સ્ટ કલાસના પ્રવાસીને એસી લોકલમાં એન્ટ્રી?

*મુંબઈ:* પશ્ચિમ રેલવે દ્વારા બપોરના સમયે ફર્સ્ટ કલાસ પાસહૉલ્ડર્સને એસી લોકલમાં પ્રવાસ કરવાની દેવાની પરવાનગી આપવાનો પ્રસ્તાવ રેલવે બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે.

બપોરના સમયે એસી લોકલ ખાલી દોડતી હોવાને કારણે ફર્સ્ટ કલાસના પ્રવાસીઓને તેમાં કોઈ પણ પ્રકારનો વધારાનો ચાર્જ ભર્યા વિના પ્રવાસ કરવાની મંજૂરી આપવા માટેનો પ્રસ્તાવ રેલવે બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે.

હાલમાં ફર્સ્ટ કલાસ પાસહૉલ્ડર્સ એસી લોકલમાં પ્રવાસ કરી શકે છે, પણ તેમણે ફર્સ્ટ કલાસના પાસ અને એસી લોકલના ભાડા વચ્ચેનો ડિફરન્સ ભરવો પડે છે.

ફર્સ્ટ કલાસ પાસહૉલ્ડર્સને એસી લોકલમાં પ્રવાસ કરવાની પરવાનગી આપવામાં આવશે તો રેલવેની આવકમાં વધારો થશે.

જોકે આ અંગે પૂરતો અભ્યાસ કરવામાં આવશે અને ત્યાર બાદ જ કોઈ પણ નિર્ણય લેવામાં આવશે.

આ વર્ષે રેલવે બોર્ડ દ્વારા એસી લોકલમાં પ્રવાસ કરનારા પ્રવાસીઓની સંખ્યા વધારવા માટે અગાઉથી નક્કી કરવામાં આવેલા ભાડાવધારા પર રોક લગાવી હતી. ■

## સ્ટેશનનું નામ બદલાતા ટિકિટના ભાવમાં વધારો

*મુંબઈ:* પશ્ચિમ રેલવેના પ્રભાદેવી અને મધ્ય રેલવેના પરેલ સ્ટેશનથી સીએસએમટીનું અંતર એટલું જ છે, પણ ટિકિટના ભાવમાં રૂ. પાંચથી દસનો વધારો જોવા મળી રહ્યો છે.

પશ્ચિમ રેલવે દ્વારા પ્રભાદેવીથી સીએસએટીની સિંગલ ટિકિટ માટે રૂ. ૧૦ અને રિટર્ન ટિકિટ માટે રૂ. ૨૦ વસૂલવામાં આવે છે. પરેલ અને પ્રભાદેવીથી સીએસએમટીનું અંતર સરખું છે, પરંતુ પરેલથી સીએસએમટી જવા માટે સિંગલ ટિકિટના રૂ. પાંચ અને રિટર્ન ટિકટના રૂ. ૧૦ ચૂકવવા પડે છે. પ્રવાસીઓ દ્વારા એવો દાવો કરવામાં આવે છે કે રેલવે દ્વારા જ્યારથી ઍલ્ફિન્સ્ટન રોડનું નામ બદલીને પ્રભાદેવી કરવામાં આવ્યું છે ત્યારથી આ સમસ્યા આવી રહી છે.

પશ્ચિમ રેલવેના અધિકારીના જણાવ્યા અનુસાર જ્યારથી એલ્ફિન્સ્ટન રોડનું નામ બદલીને પ્રભાદેવી કરવામાં આવ્યું ત્યારે સ્ટેશનનો કૉડ પણ બદલાઈ ગયો. પરંતુ સિસ્ટમ પરેલથી ટિકિટ આપવાને બદલે દાદરથી સીએસએમટીની ટિકિટ આપે છે, જેને કારણે પ્રવાસીને ટિકિટ માટે વધુ પૈસા ચૂકવવા પડે છે.

પશ્ચિમ રેલવે દ્વારા સેન્ટર ફોર રેલવે ઈન્ફર્મેશન સિસ્ટમ (ક્રિસ) અને હૅડ ક્વાર્ટરમાં સિસ્ટમમાં સુધારો કરવાનો પ્રસ્તાવ મોકલવામાં આવ્યો છે અને ટૂંક સમયમાં જ આ ભૂલ સુધારી લેવામાં આવશે. ■

## વાહનની બનાવટી ઈન્શ્યૂરન્સ પોલિસી કઢાવી આપનારી ટોળકીના ચાર સભ્ય લોકઅપભેગા

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* વાહનની બોગસ ઇન્શ્યૂરન્સ પોલિસી કઢાવી આપનારી ટોળકીના ચાર સભ્યને મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના ઓફિસરોએ પકડી પાડ્યા હતા. પકડાયેલા આરોપી પાસેથી ખાનગી કંપનીની ઇન્શ્યૂરન્સ પોલિસીની નકલો તથા મોબાઇલ જપ્ત કરવામાં આવ્યાં હોઇ અદાલતે ચારેયને ૧૩ ઓગસ્ટ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૧૨ના ઓફિસરોએ ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ પંકજ રાજેશ ગિરિ, આનંદ ગજરાત ગિરિ, યોગેશ અખિલેશ મિશ્રા અને સુશિલ રમાકાંત દુબે તરીકે થઇ હતી. પોલીસ હવે આરોપીઓના અન્ય સાથીદારોની શોધ ચલાવી રહી છે.

ગોરેગામ પૂર્વમાં હાઇવે પર પેટ્રોલ પંપ નજીક કેટલાક શખસો ગ્રાહકોને વાહનની બોગસ ઇન્શ્યૂરન્સ પોલિસી કઢાવી આપતા હોવાની માહિતી ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૧૨ના ઓફિસરોને મળી હતી. આથી માહિતીની ખાતરી કરવા માટે બોગસ ગ્રાહક તૈયાર કરીને તેને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યો હતો. બોગસ ગ્રાહક મારફત ખાતરી કર્યા બાદ પોલીસની ટીમે ગુરુવારે ઉપરોક્ત સ્થળે છટકું ગોઠવીને બે જણને તાબામાં લીધા હતા.

પંકજ ગિરિ અને રાજેશ ગિરિ નામના બંને શખસની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે તેઓ ગ્રાહકો પાસેથી વાહનના દસ્તાવેજો લઇ મોબાઇલમાંના 'ડબ્લ્યુપીએસ' નામના સોફ્ટવેર મારફત વાહનની બોગસ ઇન્શ્યૂરન્સ પોલિસી કઢાવી આપતા હતા. દરમિયાન આરોપીની પૂછપરછમાં આ ગુનામાં સંડોવાયેલા અન્ય બે શખસનાં નામ જાણવા મળ્યા બાદ પોલીસની ટીમે દહિસર પૂર્વ વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી અને યોગેશ મિશ્રા તેમ જ સુશિલ દુબેને પણ ઝડપી પાડ્યા હતા, એમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

SAMPADA
presents its
Festive Collection
Cache Art Gallery
187, Turner Road
Bandra (West)
Mumbai
11th, 12th & 13th August, 2018
10am to 7:30pm
+91-9911768883
care@sampadaindia.com
www.sampadaindia.com

## હિંદમાતાથી તુલસી પાઇપ રોડ ફ્લાય ઓવરનો પ્રસ્તાવ

▸ સેન્ટ્રલ મુંબઇની ટ્રાફીકની ગીચતા હળવી થવાનો પાલિકાનો દાવો

*મુંબઇ:* સેન્ટ્રલ મુંબઇની ટ્રાફીકની ગીચતા ઘટાડવા મુંબઇ મહાપાલિકાએ દાદર વેસ્ટના બી. આર. આંબેડકર રોડને સેનાપતિ બાપટ માર્ગ સાથે જોડતા ફ્લાય ઑવરનો પ્રસ્તાવ કર્યો છે.

મુંબઇ પાલિકાના ટ્રાફીક અને પ્લાનિંગ વિભાગે આ બ્રિજનો પ્રસ્તાવ કર્યો છે. આ બ્રિજ એલ્ફિન્સ્ટન બ્રિજ અને તિલક બ્રિજને સમાંતર હશે. પહેલો પરેલ જંક્શનને સેનાપતિ બાપટ માર્ગ સાથે જોડે છે અને બીજો દાદર (પૂર્વ)ને દાદર (પશ્ચિમ) સાથે જોડે છે. બ્રિજનો પૂર્વ છેડો હિંદમાતા જંક્શનના તાતા મિલ્સ કમ્પાઉન્ડ ખાતે અને પશ્ચિમ છેડો સેનાપતિ બાપટ માર્ગના ફ્લાવર માર્કેટ પાસે હશે.

હાલમાં સેન્ટ્રલ મુંબઇમાં ત્રણ બ્રિજ છે જે ઇસ્ટ-વેસ્ટ કનેક્ટિવિટી આપે છે. એક કરી રોડનો મહાદેવ પાલવ માર્ગ બ્રિજ, એલ્ફિન્સ્ટન બ્રિજ અને તિલક બ્રિજ. આ ત્રણે બ્રિજ સોથી વધુ વર્ષ જૂના છે અને આગામી બે વર્ષમાં રિકન્સ્ટ્રક્શનમાં જશે.

પાલિકાના ટ્રાફીક અને પ્લાનિંગ વિભાગ દ્વારા પ્રસ્તાવિત આ બ્રિજને કારણે ઇસ્ટ-વેસ્ટની ટ્રાફિકની સમસ્યા હળવી થશે, એલ્ફિન્સ્ટન રોડ અને દાદર વચ્ચેનો રોડ પ્રવાસ સરળ બનશે. પ્રસ્તાવિત બ્રિજ દાદર ઇસ્ટના બી.એ. રોડને અએલ્ફિન્સ્ટન રોડના સેનાપતિ બાપટ માર્ગ સાથે જોડશે. આ બ્રિજ સેન્ટ્રલ રેલવે અને વેસ્ટર્ન રેલવે લાઇનની ઉપરથી પસાર થશે. તેની લંબાઇ આશરે ૭૦૦થી ૮૦૦ મીટર હશે અને પહોળાઇ ૬૦ ફૂટ હશે. જોકે આ બ્રિજ બાંધવા અગાઉ તેની વ્યવહારુતાને પણ ચકાસવામાં આવશે. ■

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
ઉત્પાદકઃ રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Email: remedies_pharmaceuticals@yahoo.co.in
Parekh Medical - Bhuj : 02832-254068
Kalpy Medicine - Ahmedabad : 079-26582906